આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર


Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૩૨૫ | ૬ ફેબ્રુઆરી, ૨૦૧૪, ગુરૂવાર; મહા સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

તેત્રીસ કરોડ દેવતા પર શ્રદ્ધા રાખો પણ સાથે સાથે જાત ઉપર પણ શ્રદ્ધા રાખો, સફળતા નક્કી મળશે જ
- *વિવેકાનંદ*

## NEWS બિટ્સ

**● દેશમાં ૩૦ ટકા લોકો ભ્રષ્ટ : કલામ**

દેશમાં ૩૦ ટકા લોકો ભ્રષ્ટ



છે અને તેના લીધે જ દેશનો વિકાસ પ્રભાવિત થાય છે. આવુ દેશના પૂર્વ રાષ્ટ્રપતિ એ.પી.જે. અબ્દુલ કલામે કહ્યું છે. તેમણે યુવાનોને આગળ આવીને ભ્રષ્ટાચારને સમાપ્ત કરવા માટે લગામ હાથમાં લેવા કહ્યું છે. જમ્મુમાં શરૂ થયેલા સાયન્સ કોંગ્રેસના ઉપલક્ષ્યમાં પોલીસ ઓડિટોરીયમમાં આયોજિત એક કાર્યક્રમમાં આ વાત કલામે કહી હતી.

**● સ્માર્ટ ફોન બનશે વધુ સ્માર્ટ, બેટરીની જરૂર નહી પડે**

મોબાઈલની દુનિયામાં સ્માર્ટફોને સંદેશા વ્યવહાર જ નહી પરંતુ ઓડિયો-વિડીયો સહીતની દુનિયામાં ક્રાંતિ સર્જી છે. સ્માર્ટફોન વધુ ને વધુ સ્માર્ટ બની રહ્યા છે. તેના ઉપયોગકર્તાઓ વારંવાર તેની બેટરી ચાર્જ કરવામાંથી મુક્તિ મેળવી શકે તે માટે એક પ્રારંભિક સફળતા વૈજ્ઞાનિકોને મળી છે. નેક્સ્ટજેન સ્માર્ટ ફોનમાં બેટરી હશે જ નહી આથી ચાર્જીંગની મગજમારીમાંથી છુટકારો મળી જશે.



(તસવીર : દિપક જાની)

અંતિમ દિવસ - સંસ્કૃતિકુંજમાં વસંતોત્સવના અંતિમ ચરણમાં બુધવારે સાંજે સંકલિત નૃત્યની પ્રસ્તુતિ દ્વારા ભારતીય એકતા અને અખંડિતતાનો સંદેશ આપતી કૃતિ પ્રસંશનીય રહી હતી. પ્રતિ વર્ષની જેમ આ વર્ષે સંસ્કૃતિકુંજમાં સાંસ્કૃતિક કાર્યક્રમો માણવા કલા પ્રેમીઓ મોટા પ્રમાણમાં ઉમટ્યા હતા.

# ખોરજમાં કોલેરાના ચાર કેસ

**કન્સ્ટ્રક્શન સાઈટના મજૂરોના બાળકો છે : બે સોલા સિવિલમાં સારવાર હેઠળ : આરોગ્યતંત્રમાં હડકંપ મચ્યો**

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર તાલુકાના ખોરજ ગામમાંથી આજે ચાર જેટલા કોલેરાના કેસ મળી આવતાં આરોગ્ય તંત્રમાં હડકંપ મચી જવા પામેલ છે.

ખોરજ ગામ નજીક આકાર પામી રહેલ એક ખાનગી કન્સ્ટ્રક્શન કંપનીની સાઈટ પર કામ કરતા મજૂરોના બાળકોને કોલેરા જણાયો છે.

મળતી વિગતો મુજબ બે બાળકોને અમદાવાદની સોલા સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જ્યાં બન્ને બાળકોની સ્થિતિ સ્થિર હોવાનું જાણવા મળેલ છે. એક બાળકની આયુ ૪ વર્ષની છે તો બીજા બાળકની આયુ ૨ વર્ષની છે.

આરોગ્ય તંત્રને આની જાણ થતાં જ તાબડતોબ ખોરજ અને તેની આસપાસના વિસ્તારમાં સર્વેલન્સની

● અનુસંધાન પાન-૭ પર

# ઈમ્પેક્ટ ફી અન્વયે ૪૦૦ કેસોનો નિકાલ

**રોડ સાઈડના બાંધકામ વધુ : ૬ મહીનામાં ઈમ્પેક્ટ ફી અન્વયે અંદાજે ૮ લાખની વસુલાત**

ગાંધીનગર, તા. ૫

શહેરમાં ગેરકાયદેસર બાંધકામને નિયમિત કરવા હાથ ધરાયેલી ઈમ્પેક્ટ ફીના કાયદાની પ્રક્રીયા અન્વયે ગુડા દ્વારા અત્યાર સુધીમાં ૪૦૦ જેટલા કીસ્સામાં ફી વસુલવામાં આવી છે. છેલ્લા ૬ મહીનામાં ઈમ્પેક્ટ ફી અન્વયે અંદાજે ૮ લાખ વસુલાયા હોવાનું ધ્યાને આવ્યું છે. જ્યારે રોડ સાઈડ બાલ્કની પ્રોજેક્ટ થતી હોવાના કિસ્સામાં વધુ ધ્યાને આવ્યા છે. આવા કેસો હાલ પેન્ડીંગ હાલતમાં છે.

મેગાસીટીની જેમ ગાંધીનગરમાં પણ શહેરી વિસ્તારના ગેરકાયદેસર બાંધકામોને નિયમિત કરવા ઈમ્પેક્ટ ફી વસુલવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પરંતુ અત્યારસુધી માત્ર ૪૦૦ જેટલા કિસ્સામાં જ ઈમ્પેક્ટ ફી વસુલવામાં આવી હોવાનું ધ્યાને આવ્યું છે. ગત ઓગષ્ટ મહીના દરમિયાન આ અન્વયે અરજદારોના ફોર્મ સ્વીકારવામાં આવ્યા હતા પરંતુ ૬ મહીનાના સમયગાળાના અંતે પણ ઈમ્પેક્ટ ફી અન્વયે નોંધપાત્ર કામગીરી થઈ શકી નથી. જાણવા મળ્યા મુજબ શહેરના રહેણાંક વિસ્તાર માટે ઈમ્પેક્ટ ફી ચુકવવા રસ દાખવતા અરજદારો પૈકી બાંધકામમાં રોડ સાઈડ ગેલેરીના ગેરકાયદેસર બાંધકામના કીસ્સા વધુ હોવાનું પણ ધ્યાને આવ્યું છે. જ્યારે આવા બાંધકામોને લઈ ગુડામાં ઘણા-ખરા કેસો પેન્ડીંગ છે. જો કે આવા કિસ્સામાં રોડસાઈડ સિવાયના બાંધકામને મંજુરી આપવાની કાર્યવાહી હાથ ધરાઈ છે.


## ગાંધીનગર ખ્રિસ્તી જાગૃતિ સભા

તારીખ : ૭, ૮, ૯ ફેબ્રુઆરી, ૨૦૧૪,
શુક્રવાર, શનિવાર, રવિવાર
સમય : સાંજે ૬-૩૦ થી રાત્રે ૯-૦૦

**વક્તા : પાસ્ટર અનુપ ફિલીપ**

**સ્થળ :** પ્લોટ નં. ૧૧, ગવર્મેન્ટ પોલીકેટનીકની સામે, રેલવે ક્રોસીંગ પાસે, કોલવડા રોડ, સેક્ટર-૨૫, ગાંધીનગર

- શનિવારે વિદ્યાર્થીઓ માટે ખાસ પ્રાર્થના કરવામાં આવશે. જેઓ પરીક્ષા આપનાર છે ખાસ ધોરણ-૧૦ તથા ધોરણ-૧૨.
- બિમાર લોકો માટે દરરોજ ખાસ પ્રાર્થના કરવામાં આવશે.

**વધુ માહિતી માટે**

| પાસ્ટર રમેશ | પાસ્ટર સામ જોશુવા | પાસ્ટર રેડ્ડી |
|---|---|---|
| ૯૯૧૩૬ ૮૧૨૭૩ | ૯૪૨૭૪ ૪૫૯૩૬ | ૯૭૨૩૦ ૭૬૬૧૨ |










શ્રીમતી સોનિયા ગાંધી
અધ્યક્ષ, યુપીએ



ડૉ. મનમોહન સિંહ
વડાપ્રધાન

# છેલ્લા 9 વર્ષમાં વીજળી ઉત્પાદનમાં 3,24,316 મિલિયન યુનિટની વૃદ્ધિ

- વાર્ષિક વીજળી ઉત્પાદન ક્ષમતા વર્ષ 2004-05માં 3,948 મેગાવોટથી વધીને વર્ષ 2012-13માં 20,660 મેગાવોટ થઈ.
- પ્રતિ વ્યક્તિ વીજ વપરાશ 559 કિલોવોટથી વધીને 813 કિલોવોટ થઈ.
- બે કરોડથી વધુ બીપીએલ ઘરોને વિનામૂલ્યે વીજ જોડાણ મળ્યું.

ભારત નિર્માણનો પુરાવો

*જન જનને સ્પર્શે, જન જીવનને બદલે*

davp 22111/13/0234/1314